NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2008

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This paper consists of 6 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2008 

પ્રશ્ન.૧ નીચે આપેલો ગદ્ય વાંચી પ્રશ્નોના જવાબ લખો. [20]



અમેરિકાએ ઇંગ્લેન્ડ સામે આઝાદીની લડાઇ શરૂ કરી દીધી હતી. અમેરિકાના લશ્કરનો વડો સેનાપતિ જ્યોર્જ વોશિંગ્ટન હતો. એ વીર પુરુષની દોરવણીથી લડાઇ પુરજોશમાં ચાલતી હતી.

એક પ્રસંગે તેના લશ્કરે એક જગ્યાએ પડાવ નાખ્યો હતો. દુશ્મનો સામે મોરચો કેમ ગોઠવવો તેની તૈયારીઓ થતી હતી. સાદાં કપડાં પહેરી જ્યોર્જ એ તૈયારીઓ જોવાને ઘોડા પર સવાર થઇને નીકળ્યો.

એક જગ્યાએ થોડા સૈનિકો એક ભારે લાકડું ઉઠાવવાને મથતા હતા, પણ લાકડું બહું વજનદાર હોવાથી તેઓ લાકડાને ખસેડી શકતા નહોતા. એ સૈનિકોને તેમનો નાયક મોટો ઘાંટો પાડી દમ આપતો હતો. તે બોલતો હતો, “જરા વધારે જોર કરો. એમ હઠી ન જાઓ.” એ જોઇ જ્યોર્જે ઘોડો થોભાવ્યો.

જ્યોર્જને પહેલી નજરે ધ્યાનમાં આવી ગયું કે આ સૈનિકોને કોઇ જરા મદદ કરે, તો લાકડું ખસેડી શકાય. તેણે નાયકને ધીમેથી કહ્યું. “ભાઇ, આ લાકડું હલકું નથી, બહુ ભારે છે. એકાદ માણસ વધારે હોય તો કામ થઇ જાય એવું છે.”

નાયક બોલ્યો, “પણ હું હમણાં ને હમણાં માણસ ક્યાંથી લાવું? આ સૈનિકો જરા જોર કરે તો જરૂર કામ થઇ જાય.”

જ્યોર્જે કહ્યું, “ભાઇ, તમે એમને જરા હાથ આપો, તો એમનું કામ સહેલું થઇ જાય.”

આ સાંભળી નાયક ભવાં ચડાવી બોલ્યો, “હું કંઇ સૈનિક છું કે આ કામ કરું? હું તો એમનો નાયક છું.”

નાયકના શબ્દો સાંભળી જ્યોર્જને દુખ થયું. તે ઘોડા પરથી ઊતરી પડયો. તેણે નાયકને વિનયથી કહ્યું, “હુ દિલગીર છું. મને તમારા હોદ્દાની ખબર નહોતી.”

અઘરાં શબ્દો

દોરવણી = માર્ગદર્શન / guidance
પુરજોશ = ખૂબ ભારેથી
મથતા હતા = ખૂબ ભારે મહેનત કરતા હતા
ભવાં ચડાવવાં = ગુસ્સે થવું
હાથ આપવો = મદદ કરવી

૧.૧ અમેરિકાના લશ્કરનો વડો સેનાપતિ કોણ હતો? [1]

૧.૨ લડાઇ કેવી રીતે પુરજોશમાં ચાલતી હતી? [1]

પ્રશ્ન ૧.૩/Q. 1.3

IEB Copyright © 2008

૧.૩ જ્યોર્જે સાદાં કપડાં પહેરી શું જોવા નીકળ્યો? [2]

૧.૪ એક જગ્યાએ સૈનિક શું કામ મથતા હતા? [1]

૧.૫ તેમનો નાયક ઘાંટો પાડી શું બોલતો હતો? [2]

૧.૬ જ્યોર્જે નાયકને ધીમેથી શું કહ્યું? [2]

૧.૭ નાયકે તેનો શું જવાબ આપ્યો? [2]

૧.૮ નાયકનો જવાબ સાંભળી જ્યોર્જે શું કર્યું? [2]

૧.૯ નીચેના વાક્યો કોણ બોલે છે, કોને કહે છે અને ક્યારે બોલે છે તે લખી જણાવો.

૧.૯.૧ “હું કંઇ સૈનિક છું કે આ કામ કરું? હું તો એમનો નાયક છું.” [2]

૧.૯.૨ “ભાઇ, તમે એમને જરા હાથ આપો, તો એમનું કામ સહેલું થઇ જાય.” [2]

૧.૧૦ નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [$1\frac{1}{2}$]
પુરુષ, હાથ, નાયક

૧.૧૧ નીચે આપેલા શબ્દોની લિંગ બદલો. [$1\frac{1}{2}$]

નાયક, પુરુષ, ઘોડો

પ્રશ્ન.૨ નીચે આપેલા ચિત્ર પરથી વાર્તા લખો. (આઠ થી દસ વાક્યો) [10]

સંપ ત્યાં જંપ



પ્રશ્ન ૩/Q. 3

પ્રશ્ન. ૩ નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ તમારા શબ્દોમાં લખો. (સાત થી આઠ વાક્યો) [10]

આજે તો સવારના ઊઠતાની સાથે સૌને દૈનિક વર્તમાન પત્ર જોઈએ છે. અમેરિકાના એક પ્રમુખે કહ્યું હતું કે, "સરકાર નહિ હોય તો ચાલશે, વર્તમાન પત્રો વિના નહિ ચાલે." અખબારો રોજે રોજના દેશ – પરદેશના સમાચારો આપે છે, સાથે સાથે બનતા બનાવો વિશે ટીકાટિપ્પણી છાપે છે. અનેક ક્ષેત્રોની નવી નવી જાણવા જેવી બાબતોથી તે આપણને માહિતગાર રાખે છે. લોકોના અધિકારનું રક્ષણ કરતાં અખબારો પ્રજાના સંત્રીઓ છે.

વર્તમાનપત્રો મનોરંજન પણ આપે છે. ટારઝન, ફેન્ટમ કે સુપરમેન જેવી વિનોદી ચિત્રપટ્ટી વિનાનાં અખબારોની કલ્પના થઇ શકતી નથી. વિનોદી ટુચકા, આડી ઊભી ચાવીવાળી શબ્દરચના હરીફાઈ અને કાર્ટૂનો વર્તમાનપત્રોને લોકપ્રિય બનાવે છે.

આ વર્તમાનપત્રો છાપવાની સામગ્રી ક્યાંથી મેળવે છે? આ માટે જગતભરમાં રહેતા અનેક ખબરપત્રીઓ અને સમાચાર–સંસ્થાઓની મદદ લેવામાં આવે છે. ટપાલ, તાર, ટેલિફોન, ટેલિપ્રિન્ટર જેવાં આધુનિક વૈજ્ઞાનિક સાધનોને કારણે ઝડપથી સમાચારો, લેખો વગેરે મળે છે.

અખબારો પોતાના ખબરપત્રીઓને રોકે છે અથવા તો સમાચારના જથ્થાબંધ વેપારીઓ જેવી સમાચાર સંસ્થાઓ મારફત સામગ્રી મેળવે છે. વર્તમાનપત્રની કચેરીમાં ટેલીપ્રિન્ટરો હોય છે. મુખ્ય મથકેથી જે સમાચાર ટાઇપ થાય તે બધાં અખબારોની કચેરીઓમાંના ટેલિપ્રિન્ટર ઉપર એકસાથે ને તે જ સમયે ટાઇપ થઇ જાય છે.

પ્રશ્ન. ૪ નીચેનો ગદ્યાંશ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

ઘણાં માણસો ખોટા વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં ખુવાર થઇ જાય છે, હેરાન થાય છે. કોઇ માંદુ પડે કે બાળક દૂધ ન પીએ તો અજ્ઞાની લોકો મુઠ્ઠીમાં રાઈ અનો મીઠું લઇ બાળકના માથા પરથી ઉતારી ચૂલામાં નાંખે, ત્યારે તડ તડ અને ભડ ભડ અવાજ આવે, તે જોઈ કહે છેઃ "હાય બાપરે! કેવી ખરાબ નજર લાગી છે."

કોઈની નજર લાગવાનો ખોટો વહેમ છે. તમે અમસ્તી મુઠ્ઠી ભરી રાઈ, મીઠું ચૂલામાં નાખો તો પણ તડતડ અવાજ આવશે જ. એ કંઇ કોઇની નજર કે વળગાડનો અવાજ નથી. વિજ્ઞાનના જમાનામાં આવા વહેમ અને ધતિંગ દૂર થવા જોઈએ. એ માટે લોકોને સાચું શિક્ષણ અને કેળવણી આપવા જોઈએ.

પ્રશ્ન ૪.૧/Q. 4.1

IEB Copyright © 2008

૪.૧ ઘણા માણસો શાથી હેરાન થતા હોય છે? [2]

૪.૨ કોઇ માંદુ પડે તો વહેમી લોકો શું કરે છે? [2]

૪.૩ 'તડતડ' અને 'ભડભડ' અવાજ સાંભળી વહેમી લોકો શું બોલે છે? [2]

૪.૪ આ બાબતમાં તમારો મત જણાવો. (બે થી ત્રણ લીટીમાં) [2]

૪.૫ ખોટાં વહેમ દૂર કરવાં શું કરવું જોઈએ? [2]

પ્રશ્ન.૫ નીચે આપેલી જાહેરખબર/advertisement જોઈને/વાંચીને પૂછેલાં પ્રશ્નોના જવાબ આપો. [10]




૫.૧ આ શાની જાહેરખબર છે? [2]

૫.૨ આ જાહેરખબર કઇ કંપનીની છે? [2]

૫.૩ એમાં આપેલી વસ્તુનો ભાવ શું છે? [2]

૫.૪ આ વસ્તુનું મોડલ નંબર/નામ શું છે? [2]

૫.૫ આ વસ્તુ શા કામમાં આવે છે? [2]

પ્રશ્ન.૬ નીચે આપેલા ચિત્ર જોઈને પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. [10]




પ્રશ્ન ૬.૧/Q 6.1

IEB Copyright © 2008 

| | | |
|---|---|---|
| ૬.૧ | આ ચિત્રમાં શું છે? | [1] |
| ૬.૨ | તે શા કામમાં આવે છે? | [2] |
| ૬.૩ | તે ક્યાં ચલાવી શકાય છે? | [2] |
| ૬.૪ | બીજા પાણીમાં ચાલતા વાહનોનાં નામ લખો. | [2] |
| ૬.૫ | આ ચિત્ર વિશે ૨ થી ૩ લીટીમાં તમારા વિચારો લખો. | [3] |

પ્રશ્ન.૭ નીચે આપેલ કાર્ટુન/રમૂજી ચિત્ર જોઇ તમારા શબ્દોમાં તેનું વર્ણન કરો (પાંચ થી સાત લીટી) [10]




END

IEB Copyright © 2008